ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી ના તારીખ તા.23/09/2025ના પત્ર ક્રમાંકઃ કવટ/isc૩/વર્ગ-૩/NOC/20713-15 અન્વયે જુનિયર ક્લાર્ક વર્ગ-૩ અને સિનિયર ક્લાર્ક વર્ગ-૩ બિન અનામત (OPEN) કેટેગરીની એનઓસી સંદર્ભે ભાગ-૧ ની લેખિત પ્રાથમિક પરીક્ષા ૬૦ મિનિટની ૧૦૦ ગુણની MCQ પદ્ધતિથી લેવામાં આવશે.

જુનિયર ક્લાર્ક વર્ગ-૩ અને સિનિયર ક્લાર્ક વર્ગ-૩

ભાગ – એ (Part-A) સામાન્ય પ્રિલિમિનરી પરીક્ષા માટેનું માળખું

સમય ૬૦ મિનિટ

| | | |
|---|---|---|
| 1 | તાર્કિક ક્ષમતા (Reasoning) | ૪૦ ગુણ |
| 2 | પરિણાત્મક અભિરુચિ (Quantitative Aptitude) | ૩૦ ગુણ |
| 3 | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| 4 | ગુજરાતી (Gujarati) | ૧૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

નોંધ – પરીક્ષાનું ભાષાનું માધ્યમ ક્રમ નંબર ૩ માટે અંગ્રેજીમાં રહેશે અને ક્રમ નંબર ૧,૨ અને ૪ માટેનું ભાષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

સુચનાઓ :-

૧. પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્ન દીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે.

૨. પરીક્ષા નો સમય ૬૦ મિનિટનો રહેશે.

૩. હેતુલક્ષી પ્રશ્નોમાં બહુ વિકલ્પ વાળા પ્રશ્નો પૂછવામાં આવશે.

4. દરેક પ્રશ્ન 1 માર્ક્સ નો રહેશે.

5. પ્રશ્નોના પ્રત્યેક ખોટા જવાબ દીઠ ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

6. દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

7. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રિનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે.

8. દરેક પ્રશ્નમાં પ્રયાસ ન કરવાનો એક વિકલ્પ "E" હશે જો ઉમેદવાર જવાબ આપવાનો ઈરાદો ન ધરાવતો હોય તો તે વિકલ્પ "E" પસંદ કરી શકે છે જો ઉમેદવાર"E" વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.

- ભાગ-૧ની લેખિત પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થનાર પ્રથમ ૦૭ (સાત) ઉમેદવારોને "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ મુખ્ય પરીક્ષા જુનિયર ક્લાર્ક માટે ૨૦૦ ગુણની MCQ પ્રકારની અને સિનિયર ક્લાર્ક માટે ૩૫૦ ગુણની વર્ણાત્મક પ્રકારની લેવામાં આવશે, જેની જાણ પછીથી કરવામાં આવશે. મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત પ્રમાણેની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાતો સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ શરતી પ્રવેશ આપવામાં આવશે.
- વધુ માહિતી માટે ઉમેદવારોએ સમયાંતરે કોલેજની વેબસાઈટ www.odeeducationsociety.in જોતા રહેવા જણાવવામાં આવે છે.

Principal
D. M. Patel Arts &
S. S. Patel Commerce College
ODE - 388 210. Dist. Anand

D. M. Patel Arts & S. S. Patel Commerce College
ODE - 388 210.
Ta. & Dist. Anand.

Scanned with OKEN Scanner

# જુનિયર/સિનિયર ક્લાર્ક વર્ગ-૩, બિનઅનામત (OPEN) વર્ગ-૩ની પરીક્ષા

## અગત્યની સૂચનાઓ:

1) આ સ્પર્ધાત્મક પરીક્ષામાં આપનો પ્રવેશ કૉલેજની જાહેરાત અને તેને સંબધિત સૂચનાઓને આધારે આપે કરેલ અરજીપત્રકની વિગતોના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે. જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાશે તો કૉલેજ દ્વારા આપને ડીબાર્ટ અને ગેરલાયક ઠરાવવામાં આવશે.

2) પ્રાથમિક પરીક્ષા 100 પ્રશ્નોના પ્રશ્નદીઠ 1 ગુણ લેખે કુલ 100 ગુણની રહેશે. પરીક્ષાનો સમય 60 મિનિટનો રહેશે. પ્રત્યેક ખોટા જવાબદીઠ 0.25 ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે. દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાનો 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રિનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

3) હાજરીપત્રકમાં આપે આપની વિગતો યોગ્ય રીતે ચકાસી ઉપર સહી કરી પરીક્ષાખંડમાં નિરીક્ષકની સહી કરી નીચેનું હાજરી પત્રક નિરીક્ષકને પરત કરવાનું રહેશે અને ઉપરનો ભાગ આપની પાસે રાખવો.

4) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે આપના તાજેતરનાં ફોટોની કલર કોપી કૉલેજ દ્વારા આપેલ કોલલેટર કમ હાજરી પત્રકમાં ચોટાડી અચૂક સાથે લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

5) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, બેંકની ડેબીટ કાર્ડ/પાસબુક, અથવા પાસપોર્ટ પૈકી કોઈ એક અસલ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. જે વર્ગ નિરીક્ષક પાસે માંગે ત્યારે બતાવવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં ઓળખ પત્રની નકલ/ઝેરોક્ષ માન્ય ગણવામાં આવશે નહીં.

6) આ પરીક્ષાના પ્રશ્નપત્રનું ઉત્તરપત્રક OMR પધ્ધતિનું રહેશે. ઉમેદવારોએ જે તે પ્રશ્ન ક્રમ અને દર્શાવેલ ઉત્તર A, B, C, D પૈકી યોગ્ય જણાવવાળા વર્તુળ પૈકીમાં ભૂરી અથવા કાળી બોલપેઈન્ટ પેનથી ઘાટું કરવાનું રહે. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ પસંદ કરવાનો આપવામાં આવશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છે તો E વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

7) પરીક્ષા દરમિયાન આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત સાહિત્ય કે કેલ્ક્યુલેટર, સ્માર્ટવોચ, બ્લ્યુટૂથ વગેરે જેવા વિજાણુ સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો. તેમજ આવી વસ્તુઓને જપ્ત કરવામાં આવશે. વધુમાં અન્ય તમામ નિયમો અને સૂચનાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મુજબના રહેશે.

8) પરીક્ષાના નિયમિત સમય પહેલાં એક કલાક અગાઉ અને નિયત પરીક્ષા સમય બાદ અને અડધો કલાક પહેલાં પરીક્ષા ખંડ છોડી શકાશે નહીં.

9) ભરતીની જાણકારી માટે કૉલેજની વેબસાઈટ www.odeeducationsociety.in જોવી.

D. M. Patel Arts & S. S. Patel Commerce College ODE - 388 210 Ta. & Dist. Anand

Principal
D. M. Patel Arts &
S. S. Patel Commerce College
ODE - 388 210. Dist. Anand

Scanned with OKEN Scanner